જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૯૮/૧૭

## નરોડા પાટીયા હત્યાકાંડના ગુનામાં સજા પામેલ પાકા કામના પેરોલ જમ્પ કેદીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ના પો.સ.ઇ. શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન હે.કો. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ બ.નં.૯૨૫૪ નાઓની બાતમી હકીકત આધારે પ્રકાશ સુરેશભાઇ રાઠોડ રહે, મહાજનીયા વાસ, નરોડા પાટીયા, અમદાવાદ શહેરને નરોડા પાટીયા ખાતેથી ઝડપી લેવામાં આવેલ. સદરી ઇસમની પુછપરછ કરતાં નરોડા પાટીયા હત્યાકાંડના ગુનામાં પકડાયેલ અને સાબરમતી જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલ હતો અને માહે ૦૫/૨૦૧૭ માં પેરોલ રજા ઉપર છુટેલ ત્યારબાદ પરત જેલમાં હાજર નહી થઇ ફરાર થયેલ હતો ની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૨૩/૦૭/૨૦૧૭ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. તા.૨૩/૦૭/૨૦૧૭

---

અમદાવાદ શહેર તથા તેના લગોલગ જીલ્લામાં ઘરફોડ ચોરી કરી તરખાટ મચાવનાર રીઢા વોન્ટેડ ચોરેને પકડી ઘરફોડનો ભેદ ઉકેલતી જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા જતાં ઘરફોડ ચોરીના બનાવ અટકાવવા તેમજ થયેલ ચોરીના ભેદ ઉકેલવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જે" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટરશ્રી ડી.આર.ગોહિલ જીઆઈડીસી વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન મુજબ તા:૨૧/૦૭/૨૦૧૭ ના રોજ સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓ સ્ટાફના માણસો સાથે રામોલ બ્રીજના છેડા પાસે વાહનચેકીંગમાં હતા તે વખતે સાથેના સ્ટાફના અ.પો.કો દીનેશ બાબરભાઈ નાઓની હકીકત આધારે જીઆઈડીસી વટવા ફેઝ-૪ ખાતે પ્લોટ નં ૫૧૧૯ માં આવેલ ટેકનીકલ રીસોર્સ એન્ડ પ્લાનીંગ સર્વિસ પ્રા.લિમાંથી બ્રાસ તથા કોપરની પાઈપો તથા બીજી બ્રાસ કોપરની ચીજવસ્તુઓ અંદાજીત ૩૮ કિલો જેની કુલ્લે કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ની ચોરી કરનાર ઈસમો (૧) ગીરીશ ઉર્ફે પપ્પુ તલાજી ઠાકોર ઉ.વ ૨૮ રહે- ગામ-રામપુરા-બળીયાદેવના મંદિર પાછળ ઠાકોરવાસ તા:દસ્કોઈ જી:અમદાવાદ મુળવતન-ગામ-હલીજાણીયારુ તા:વિરમગામ જી:અમદાવાદ કે જે અમદાવાદ શહેરના તથા તેના લગોલગ જીલ્લામાં ૧૭ થી પણ વધારે ગુનામાં પકડાયેલો છે.તેમજ ચાર વખત પાસા ભોગવેલ છે.અને ગાયકવાડ હવેલી પો.સ્ટેના ચોરીના ગુનાનો વોન્ટેડ આરોપી છે.જે રીઢા ઘરફોડ ચોરને તથા (૨) રવિ ઉર્ફે ખમશી મોબતભાઈ દંતાણી ઉ.વ ૨૦ રહે- માઈભુવનની ચાલીના છાપરા બારેજડી રેલ્વે સ્ટેશન સામે,બારેજડી તા:દસ્કોઈ જી:અમદાવાદ મુળવતન ગામ-મીઠાપરા તા:ધંધુકા જી:અમદાવાદ (૩) નરેન્દ્ર ઉર્ફે ભોલો અમરસિંગ ઠાકોર ઉ.વ ૪૮ રહે- માઈભુવનની ચાલીના છાપરા બારેજડી રેલ્વે સ્ટેશન સામે,બારેજડી તા:દસ્કોઈ જી:અમદાવાદ મૂળ રહે-બહેરામપુરા ધાબાવાળી ચાલી અમદાવાદ શહેર (૪) રીક્ષા ડ્રાઈવર શૈલેષભાઈ જેસીંગભાઈ ઠાકોર ઉ.વ ૧૯ રહે- ગરૂડીયા ટેકરાના છાપરા ગંગોત્રી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સામે, ફેઝ-૪ જીઆઈડીસી વટવા અમદાવાદ શહેર મુળવતન ગામ-અરેરી તા:મહેમદાવાદ જી:ખેડા નાઓને તા: ૨૧/૭/૧૭ ના ક: ૨૨/૦૦ વાગે ચોરી કરેલ ઉપરોક્ત મુદામાલ તથા ઓટોરીક્ષા નં જીજે-૨૭-યુ-૪૨૩૫ સાથે પકડી પાડેલ છે આવી રીતે જીઆઈડીસી વટવા પો.સ્ટે ફ.ગુ.ર.નં ૪૯/૧૭ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયાના ૨૪ કલાક કરતા પણ ઓછા સમયમાં રીઢા ચોરોને પકડી ઘરફોડનો ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.

આરોપી ગીરીશ ઉર્ફે પપ્પુ તલાજી ઠાકોરની વિરૂધ્ધમાં નોંધાયેલ ગુનાની યાદી

| અ.નં | પો.સ્ટેનું નામ | ગુના રજીસ્ટર નંબર અને કલમ |
|---|---|---|
| ૧ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૭૭/૦૮ ધી ઈપીકો કલમ ૪૫૭,૩૮૦ |
| ૨ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૮૫/૦૮ ધી ઈપીકો કલમ ૩૭૯,૪૪૭ |
| ૩ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૮૮/૦૮ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ |
| ૪ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૯૦/૦૮ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ |
| ૫ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૧૨૭/૧૦ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ |
| ૬ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૧૨/૧૨ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ |
| ૭ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૨૦/૧૨ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ |
| ૮ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૨૨/૧૨ ધી ઈપીકો કલમ ૩૭૯,૧૧૪ |
| ૯ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૦૧/૧૪ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ |
| ૧૦ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૦૬/૧૪ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ |
| ૧૧ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૨૨/૧૪ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ |
| ૧૨ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૩૧/૧૪ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ |
| ૧૩ | જીઆઈડીસી વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૪૫/૧૪ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૧ |
| ૧૪ | રામોલ વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૮૯/૦૫ ધી ઈપીકો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ |
| ૧૫ | વટવા વટવા પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૩૪/૦૫ ધી ઈપીકો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ |
| ૧૬ | ગા.હવેલી પો.સ્ટે | ફ.ગુ.ર.નં ૭૭/૧૬ ધી ઈપીકો કલમ ૩૭૯,૪૧૪,૧૧૪ |
| કલોલ પો.સ્ટે ચોરીના બે ગુના | | |

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.